

# (C - 57) પદ્મ જિનેશ્વર વિનતી,

(રાજુલ કહે છે નાથ બોલ્યા પાળજો રે–રાગ)

પદ્મ જિનેશ્વર વિનતી, મુજ મનનીજી;
વિનતી કરું વારંવાર, સુણો ભવભવનીજી. ૧

ઘણા પુણ્યે તુમ્હ પામીયો, સુખદાતાજી;
મુખ પંકજ દીદાર, થઈ મન શાતાજી. ૨

મેં નિશ્ચય સેતી તું ધર્યો ચિત્ત હરખેજી;
નાણુ લઈ જેમ કોઈ ખરો, નિજ પરખેજી. ૩

કંચન કસોટી ચાટતાં ખરૂં ખોટુંજી;
તિમ તુંહી જ મુજ સ્વામી, મહાતમ મોટુંજી. ૪

પ્રેમ ધરીને નીરખીયો, સુણ સ્વામીજી;
મીઠી મહેર કરી રે, નવનિધિ પામીજી. ૫

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250